## જન્મદિને વધામણી



નિમિષા ગિરીશભાઈ પંડ્યા
પ્રમુખ, શક્તિ મંડળ
મો. ૯૨૪૩ ૦૧૩૦૪



મનિષ આર પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫



વિશાલકુમાર આર શ્રીમાળી
મો. ૭૭૧૪૫ ૦૧૩૧૮



યુગ અશ્વિનકુમાર પટેલ
મો. ૯૭૧૪૩ ૮૩૮૯૨

## એમ બી પટેલ સ્કૂલની વિદ્યાર્થીનીઓ બાળરમત સ્પર્ધામાં વિજેતા બની

ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ ગાંધીનગર શહેર-જિલ્લા બાળરમત સ્પર્ધામાં કબડ્ડી તથા ખો-ખોની સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં ખો-ખોની રમતમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. લાંબી કૂદમાં જીલ બારોટે પ્રથમ અને ૨૦૦ મીટર દોડમાં જીનલ ભાભોરે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, તેણે ૧૦૦ મીટર દોડમાં દ્વિતિય સ્થાન પણ પ્રાપ્ત કર્યું હતું. વિજેતા બનેલી સર્વ વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

## બીસીએ કૉલેજના વિદ્યાર્થીઓ મધુર ડેરીની મુલાકાતે પહોંચ્યા



ગાંધીનગર, તા. ૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ, બીસીએના સૅમેસ્ટર-૧માં અભ્યાસ કરતા ૩૫૦ વિદ્યાર્થીઓએ શનિવારે મધુર ડેરીના ઑટોમેશન પ્લાન્ટની મુલાકાત લીધી હતી. મુલાકાતના આયોજન વિશે માહિતી આપતાં કૉલેજના ડિરેક્ટર ડૉ. સંજય શાહે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબનું પ્રૅક્ટિકલ જ્ઞાન અત્યારથી મેળવે તે ખૂબ જ જરૂરી છે. આ ઉમદા હેતુ સાથે આ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને ૭૦ના જૂથમાં વિભાજિત કરી તેમને મધુર ડેરીના પેશ્ચ્યુરાઈઝેશન પ્લાન્ટમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં મશીનરી દ્વારા કાચા દૂધને મિક્સ કરવાની પ્રૉસેસ, પેશ્ચ્યુરાઈઝેશન પ્રોસેસ, ફૅટ સૅપરેશન પ્રોસેસ, ટેસ્ટિંગ પ્રોસેસ અને પૅકેડિંગ પ્રોસેસ વિશે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ યુનિટ-૨માં તેમને દૂધની અન્ય બનાવટો જેવી કે ઘી, માખણ વગેરે મશીનરીથી કેવી રીતે જુદા થઈ તેનું પૅકિંગ થાય છે તેની વિસ્તૃત માહિતી મધુર ડેરીના અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી. આ અધિકારીઓએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે કાચું દૂધ ડેરીમાં અવે ત્યારથી માંડીને દૂધ કોથળીમાં પૅક થઈ જાય ને તેના કન્ટેનર ભરાય ત્યાં સુધીની તમામ પ્રક્રિયા કમ્પ્યુટર સંચાલિત સાધનોથી થાય છે. બીસીએના વિદ્યાર્થીઓને દરેક ક્ષેત્રે કમ્પ્યુટરનો ઉપયોગ કેવી રીતે તાય છે તે જ ભણવાનું હોય છે, ત્યારે કમ્પ્યુટર સંચાલિત સાધનોથી થતી પ્રક્રિયા વિશેની જાણકારી તેમને માટે અત્યંત ઉપયોગી થઈ હતી.

સમગ્ર વિઝીટનું આયોજન ડૉ. સંજય શાહના માર્ગદર્શન હેઠળ પ્રૉ. જૈમિની કુલકર્ણી, પ્રૉ. હરિતા પંડિત, પ્રૉ. વિશાલ પટેલ અને ડૉ. અભિજીતસિંહ જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું, જેની સફળતા માટે કૉલેજના અધ્યાપકોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા 'માતૃ-પિતૃ વંદના ડે'ની ઉજવણી કરાઈ



### સાચા અને સારા મિત્રો કેવા હોવા જોઈએ તે અંગે કૉલેજ દ્વારા દરેક ક્લાસમાં પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા શનિવારે માતૃ-પિતૃ વંદના ડેની ઉજવણી કરવામાં આવી હતી.

ઑગષ્ટ માસના પ્રથમ રવિવારે ફ્રૅન્ડશીપ ડેની ઉજવણી સામાન્ય રીતે કરાય છે, તેના બદલે કૉલેજ દ્વારા માતૃ-પિતૃ વંદના ડેની ઉજવણી કરવામાં આવી હતી, જેને વિદ્યાર્થીઓનો ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડ્યો હતો.

આ પ્રસંગે સાચા અને સારા મિત્રો કેવા હોવા જોઈએ તે અંગે કૉલેજ દ્વારા દરેક ક્લાસમાં પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ઍનઍસઍસ સ્વયંસેવક વિકાસ રાજગોર, સાહિલ પટેલ, પ્રિયંકા ચાવડા, અલ્પા લાડવા, પિન્કલ પટેલ, આરતી પટેલ, ગોપી પટેલ, ભૂમિકા પટેલ, રિદ્ધિ પટેલ, સંધ્યા વિરજા, અસ્મિતા પટેલ, અર્પિતા પટેલ, અંજલી પટેલ, પાયલ ઠક્કર, શ્રવણ પટેલ, મિત સોની, પાર્થ દલાવડી, મમતા ઝાપડીયા, જાહ્નવી પટેલ, કંગન સિંઘ, સૂરજ મુંજાણી, જૈમિન પટેલે જહેમત ઊઠાવી હતી.

કૉલેજભરમાં વિદ્યાર્થીઓએ ફ્રૅન્ડશીપ બેલ્ટને બદલે મહુડીના પવિત્ર મંદિરની રક્ષાપોટલી પરસ્પર બાંધી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ આ વિશિષ્ટ કાર્યક્રમ બદલ વિદ્યાર્થીઓને બિરદાવી તેમને કાર્યક્રમની સફળતા બદલ અભિનંદન આપ્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ઢીશૂમ
૯.૪૫

**સ્ક્રીન-૨**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
૩.૩૦, ૧૦.૦૦
ઢીશૂમ
૧.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૩**
ધી બીઍફજી
(૩ડી-હિન્દી)
૧૨.૩૦
જેસન બૉર્ન
(૩ડી-અંગ્રેજી)
૨.૪૫, ૭.૩૦, ૧૦.૦૦
જેસન બૉર્ન
(૩ડી-હિન્દી)
૫.૧૫

**સ્ક્રીન-૪**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
સવારે ૧૦.૦૦
બુધિયાસિંહ બૉર્ન ટુ રન
૧.૦૦, ૭.૦૦
સુલતાન
૪.૦૦
ફિવર
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
૧૨.૩૦, ૬.૩૦
ઢીશૂમ
૩.૪૫
બુધિયાસિંહ બૉર્ન ટુ રન
૯.૩૦



ગાંધીનગરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા કડી સર્વ વિદ્યાલય સ્થિત સી કે પટેલ પ્રિ-પ્રાઈમરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં શનિવારે ફ્રૂટ ડે ઉજવાયો હતો, જે માટે વિદ્યાર્થીઓ નાસ્તામાં વિવિધ પ્રકારના ફ્રૂટ લાવ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ અલગ-અલગ ફળોનાં ડ્રેસ પહેરી, ચાર્ટ બનાવી, સ્ટિકર ચોંટાડીને ફ્રૂટ ડેની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરી હતી. શિક્ષકોએ પણ વિવિધ ફ્રૂટ્સની ઓળખ વિદ્યાર્થીઓને કરાવી તેના ફાયદા સમજાવ્યા હતા. વાલીઓએ આ અનોખા પ્રયોગને બિરદાવી શાળા પરિવારની પ્રશસ્તિ કરી હતી.

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત વિશ્વ સ્તનપાન સપ્તાહ અંતર્ગત

## સ્તનપાન અંગે સગર્ભાઓને વિગતે સમજ



ગાંધીનગર, તા. ૬


ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સૅક્ટર-૨૦ ખાતે કાર્યરત સગર્ભા બહેનો માટેના તપોવન સંશોધન કેન્દ્રમાં 'વિશ્વ સ્તનપાન' સપ્તાહ નિમિત્તે કૉમ્યુનિટી મૅડિસિન વિભાગ, જીએમઈઆરઍસ મૅડિકલ કૉલેજ, ગાંધીનગરના આસી. પ્રૉફેસર ડૉ. નીલેશભાઈ ઠાકોરે ઉપસ્થિત સગર્ભા બહેનોને સ્તનપાનનું મહત્ત્વ, સ્તનપાનની યોગ્ય પદ્ધતિ, બાળકને લેવાની યોગ્ય રીત, સ્તનપાન માટે માતાની યોગ્ય સ્થિતિ, સગર્ભ માતા માટે સમતોલ આહાર જેવા મુદ્દાઓ પર પાવરપૉઈન્ટ પ્રેઝન્ટેશન અને વિડીયો દ્વારા વિગતવાર સમજ આપી હતી. તેમણે બહેનો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તથા પોષણ વિષયના નિષ્ણાત કમલામણીબેન રાવે વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે ઉપસ્થિત સગર્ભા બહેનોને પ્રેઝન્ટેશન દ્વારા સમજાવ્યું હતું કે માતાના શરૂઆતના ત્રણ દિવસના દૂધ 'કૉલોસ્ટ્રોમ'નું ખાસ મહત્ત્વ બાળકના વૃદ્ધિ અને વિકાસ માટે માનું દૂધ સર્વશ્રેષ્ઠ છે એમ જણાવી સ્તનપાનથી થતા ફાયદા, માતા માટે સમતોલ આહારનું મહત્ત્વ જેવા મુદ્દાઓ ઉદાહરણ સાથે ઊંડાણપૂર્વક સમજાવ્યા હતા.

સંશોધન કેન્દ્રના પ્રકલ્પ સંયોજક વિમળાબેન સોલંકીએ ચાર્ટ દ્વારા સ્તનપાન, શિશુની સુરક્ષા, વિભિન્ન અવસ્થાઓમાં કરાવાતું સ્તનપાન, સ્તનપાનની રીત, માતાના દૂધમાં રહેલાં પોષકતત્ત્વો વિશે સમજણ આપી હતી.

સમગ્ર સપ્તાહ દરમ્યાન આયોજિત કાર્યક્રમો પરત્વે લાભાર્થી બહેનોએ સંતોષકારક પ્રતિભાવો આપ્યા હતા.

## ફેસબૂકે જૂના મિત્રોને પુનઃ મેળવી આપ્યા



ગાંધીનગર, તા. ૬

ફેસબૂકને ભલે જૂની પેઢી વગોવતી હોય કે ગાળો દેતી હોય પરંતુ તેના લાભ ઘણા લોકોને મળ્યા છે ને એમાં ગાંધીનગરના એક નાગરિકનો ઉમેરો થયો છે.

મૂળ વડાલીના ને વર્ષોથી ગાંધીનગર સ્થાયી થયેલા અશોકભાઈ દવે (નિયોપોલિટન પીઝાવાળા)ને ફેસબૂકથી ફાયદો થયો છે. ફેસબૂકે તેમને ૩૪ જૂના મિત્ર સાથે મેળાપ કરાવી આપ્યો છે.

અશોકભાઈ અને તેમના આ મિત્ર પ્રકાશભાઈ ગાંધી (મૂળ વતન ગણદેવી, હાલ લંડન) ૧૯૬૭થી ૧૯૬૯ની બૅચમાં ઍમ ઍસ યુનિવર્સિટી, વડોદરા ખાતે મિકેનીકલ આન્જિનીયરિંગના અભ્યાસમાં સાથે હતા. એ દરમ્યાન એમની વચ્ચે મિત્રતાનો સ્નેહાળ નાતો બંધાયો હતો. બંને પાછા રૂમ પાર્ટનર પણ હતા.અભ્યાસ બાદ બંને પોતપોતાની કારકિર્દીમાં એવા તો પ્રવૃત્ત થઈ ગયા કે એકબીજા સાથેનો સંપર્કનો સેતુ તૂટી ગયા ને એકબીજાથી સાવ વિખૂટા જ પડી ગયા. અલબત્ત, મિત્રતાની લાગણી હૃદયમાં સદાય ધબકતી હતી ને મિત્રની યાદ અપાવતી રહેતી હતી.

થોડા દિવસો પહેલાં અચાનક અશોકભાઈએ ફેસબૂક સર્ફ કરતાં-કરતાં પોતાના મિત્રનો ફોટો જોયો ને તેઓ મિત્રને ઓળખી ગયા. તેમણે તરત જ સંપર્ક નંબરનો ઉપયોગ કરી મિત્ર સાથે વાત કરી અને બંને મિત્રો ૩૪ વર્ષ પછી એકબીજા સાથે વાત કરતાં-કરતાં ભાવવિભોર બની ગયા. વર્ષો પછી જોડાયેલો આ ઈન્ટરનેશનલ કૉલ ૫૦ મિનિટ સુધી ચાલ્યો ને બંનેનાં દિલોને અજબ શાતા આપી ગયો.

હવે બંને વચ્ચે નિયમિત સંપર્કનો સેતુ સધાયો છે ને આગામી દિવાળી નિમિત્તે પ્રકાશભાઈ ઈન્ડિયા આવે ત્યારે અશોકભાઈને અવશ્ય મળશે એવું વચન પણ એમણે અશોકભાઈને આપ્યું છે. અને હા, જે ફેસબૂકે બંનેને મેળવી આપ્યા એ ફેસબૂકના માધ્યમથી પણ બંને મિત્રો એકબીજા સાથે જોડાઈ ગયા છે !



ફ્રૅન્ડશીપ ડે નિમિત્તે સૅક્ટર-૨૯ સ્થિત મેજિક હૅટ પ્રિ સ્કૂલ ખાતે મિત્રતાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ સ્કૂલનાં ભૂલકાઓએ એકબીજાને ફ્રૅન્ડશીપ બેલ્ટ બાંધી આ દિવસની ઉજવણી કરી હતી. શાળા પરિવારે આ બાળકોને 'દોસ્તી'ની સમજ આપતી વાર્તાઓ કહી હતી અને બાળકોને ચૉકલેટ આપી તેમનું મોઢું મીઠું કરાવ્યું હતું.



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણના તેજસ્વી અને હોનહાર વિદ્યાર્થીઓએ સ્પાર્ક્સ ૨૦૧૬ સાહિત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાળાનું નામ રોશન કર્યું.

મંગળવારે આયોજિત મોનો ઍક્ટિંગ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી નકુલ ખંડેલવાલે સૌથી ભિન્ન અને આશ્ચર્યજનક નાટ્યની પ્રસ્તુતિ કરી હતી અને જજીસ ચોઈસ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. અંતાક્ષરીની સ્પર્ધામાં પણ સ્કૂલની ટીમે ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત શાળાની ટામે ફોક ડાન્સમાં પણ ભાગ લીધો હતો.

## ઈન્ડ્યાબુલ્સ ફાઉન્ડેશન દ્વારા રક્તદાન ઝુંબેશ



ગાંધીનગર, તા. ૬

આપણી આસપાસના સમુદાયનું સ્વાસ્થ્ય સારું રહે અને સૌની તંદુરસ્તી જળવાય તેવું પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાના ભાગરૂપે ઈન્ડિયાબુલ્સ હોમ લોન્સ અને ઈન્ડિયાબુલ્સ ફાઉન્ડેશને શનિવારે અમદાવાદમાં રક્તદાન ઝુંબેશ આરંભી હતી. પ્રથમા બ્લડ સૅન્ટરના સહયોગમાં ઈન્ડિયાબુલ્સની લૉ ગાર્ડન અને ઍલિસબ્રિજ શાખાઓમાં રક્તદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રક્તદાન ઝુંબેશમાં ૨૫૦ સ્વયંસેવકો, રક્તદાતાઓએ ભાગ લીધો હતો, જેમાં કંપનીના કર્મચારીઓ, તેમના પરિવારજનો અને રસ ધરાવતા અન્ય સ્થાનિક નાગરિકો જોડાયા હતા.

દિવસભર ચાલેલા આ કાર્યક્રમમાં સ્વયંસેવકોને રક્તદાન પહેલાં બ્લડપ્રેશર, એચપી અને વજનનું ચૅકિંગ જેવાં પરીક્ષણોમાંથી પસાર થવું પડ્યું હતું.